બિન સરકારી માધ્યમિક શાળાઓની વહીવટ
બદલવા અંગે.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
પરિપત્ર ક્રમાંક : બમશ-૧૧૨૦૦૧-૨૨૨૪-ગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૧૦ - ૧ - ૨૦૦૨.

પરિપત્ર :-

રાજયમાં આવેલી બિનસરકારી માધ્યમિક શાઓનો વહીવટ બદલવા માટે સંસ્થાઓની રજૂઆતના સંદર્ભમાં ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર ધ્વારા મંજૂરી આપવામાં આવે છે. પરંતુ અનુદાનીત બિનસરકારી માધ્યમિક શાળાઓને ગ્રાન્ટ સરકાર તરફથી આપવામાં આવે છે. તેથી ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના વહીવટ બદલવા અંગેના હુકમોમાં ગ્રાન્ટની નીતિ અંગે કોઇ સ્પષ્ટતાઓ કરવામાં આવતી નથી. રાજયમાં આવેલ અનુદાનીત બિનસરકારી માધ્યમિક શાળાઓનો વહીવટ સ્થાનિક - બિનસ્થાનિક નવી સંસ્થા - ટ્રસ્ટને સોંપવામાં આવે છે. જે અંગે ગંભીરતાથી વિચારીને નિર્ણય લેવાની જરુર છે. સંસ્થા - ટ્રસ્ટ પોતાના નામે રજીસ્ટર્ડ થયેલ અનુદાનીત માધ્યમિક શાળાઓનો વહીવટ અન્ય રજીસ્ટર્ડ ટ્રસ્ટ - શૈક્ષણિક સંસ્થાને સોંપવા માંગે તેની તબદીલીના ચોકકસ ધોરણો નકકી કરવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. આ અંગે પુખ્ત વિચારણા બાદ સરકારશ્રીએ અનુદાનીત બિનસરકારી માધ્યમિક શાળાઓનો વહીવટ બીજી કોઇ રજીસ્ટર્ડ થયેલ ટ્રસ્ટ સંસ્થા - ટ્રસ્ટને સોંપવામાં આવે ત્યારે નવી સંસ્થા - ટ્રસ્ટને શાળાના વહીવટમાં ફેરફારના સમયે જે પ્રવર્તમાન ગ્રાન્ટના ધોરણો નકકી થયેલ હશે તે પ્રમાણે ગ્રાન્ટ મળવાપાત્ર થશે, અને શાળાને જો જુની ગ્રાન્ટના ધોરણો પ્રમાણે વહીવટમાં ફેરફાર થતા પહેલા જે ગ્રાન્ટ મળવાપાત્ર થતી હતી, તે શાળાના વહીવટના ફેરફાર સાથે આપોઆપ રદ થયેલગણાશે. વહીવટ ફેરફારના વર્ષના તેજ પાયાનું વર્ષ ગણીને તે પ્રમાણે નવા ધોરણો પ્રમાણે ગ્રાન્ટ ચૂકવવાની રહેશે. આ જોગવાઇઓની પાલન કરવાની જરુરી લેખિત બાહેધરી મળયા પછીજ અન્ય જોગવાઇઓ સંતોષાતી હોય તોજ મંજૂરી આપવાની રહેશે.

વધુમાં આ બાબતે વિનિયમમાં થતાં સુધારા અંગેની કાર્યવાહી હાથ ધરવા જરુરી દરખાસ્ત ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરએ સત્વરે અત્રે મોકલી આપવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( પ્રદીપ પારેખ )

ઉપસચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,
માન. રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્રથી).
માન. રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ (પત્રથી) (....૨.)